જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૧૨/૨૦૨૩   રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૨૦૫૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૧ કેસ કરી, ૫૬ વ્યક્તિઓને ઝડપી, ૨૧૭ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૮૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૧૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૨૦૬૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-  સમાચાર યાદી નં.૨૦૬૧/૨૦૨૩

**કૃષ્ણનગરઃ** શક્તિસિંહ રામસિંહ રાજપુત (ઉ.વ.૨૬)(રહે.સ્થાપત્ય રેસીડેન્સી આમ્રકુંજ સામે મનોહરવિલા ચાર રસ્તા નવા નરોડા) એ તા.૨૩/૧૨/૨૦૨૩ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આશરે સાત-આઠ મહીના પહેલા થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન મનોહરવિલા ચાર રસ્તા ખાતે થી તેમજ ઓઢવ ખોડીયારનગર નારાયણ એસ્ટેટમાં આવેલ કંપનીમાંથી આરોપી સદામ અંન્સારી (રહે.કરીશ્મા પાર્ક કરોલીબાગ વડોદરા) એ શક્તિસિંહને વિશ્વાસમાં લઇ કાસ્ટર વ્હીલર નો તૈયાર માલ મેળવી લઇ, માલ પેટેના લેણા રૂપિયા ૬૦,૧૯૬/- આજદિન સુધી નહી ચુકવી તેમજ માલ પરત નહી આપી શક્તિસિંહ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

## ઘરફોડઃ-  સમાચાર યાદી નં.૨૦૬૨/૨૦૨૩

**સેટેલાઇટઃ** રૂપેશભાઇ બીપીનભાઈ વ્યાસ (ઉ.વ.૪૯)(રહે.ક્રિષ્ના ફ્લેટ આઝાદ સોસાયટી દેવ-૨૦ એપાર્ટમેન્ટ પાસે આંબાવાડી) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧૨/૨૦૨૩ સવારના ૧૧/૦૦ થી બપોરના ૩/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, અલગ-અલગ તિજોરીઓમાંથી સોના-ચાંદીના તથા ઇમીટેશન ના દાગીના તેમજ રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૦૬૩/૨૦૨૩**

**શહેરકોટડાઃ** વંશીકા ડો/ઓ શૈલેષભાઇ પટની (ઉ.વ.૧૦)(રહે.ન્યુ સંજયનગર, તપોવન સોસાયટી પાસે, અનિલ સ્ટાર્ચ રોડ,સરસપુર) તા.૨૩/૧૨/૨૦૨૩ ના કલાક ૯/૫૦ વાગે ફલેટના નીચે બેડમિન્ટન રમતી હતી ત્યારે રમતા-રમતા ચુલા ઉપર પડી જતા શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેને શારદાબેન હોસ્પીટલ ખાતે લઇ જતા સારવાર દરમ્યાન તેનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રકાશભાઇ વીરચંદભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૬૪/૨૦૨૩**

**નરોડાઃ** ચેતન કાકુજી ઠાકોર (ઉ.વ.૩૫)(રહે.મફતનગરના છાપરા દેવી સિનેમા રોડ નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૨/૨૦૨૩ રાતના ૧૧/૦૦ વાગ્યા થી તા.૨૩/૧૨/૨૦૨૩ સવારના ૭/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આઝાદસિંહ દલજીતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી